# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 23-03-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર રૂપલ જાની વાંચે છે.

****************************************************

1) ન્યાયાધીશ યશવંત વર્માના નિવાસ સ્થાનેથી રોકડ રકમ મળી આવવાના આરોપ અંગેનો આંતરિક તપાસ અહેવાલ જાહેર.

2) નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું, નાણા પંચે આગામી 25 વર્ષમાં વિકસિત ભારતના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે યોજનાઓ તૈયાર કરી.

3) કેન્દ્ર સરકારે પહેલી એપ્રિલથી ડુંગળીની નિકાસ પરની 20 ટકા ડ્યુટી પાછી ખેંચી.

4) ભારતે, પુરથી અસરગ્રસ્ત બોત્સ્વાનાને માનવતાવાદી સહાય મોકલી.

5) ભારતીય સ્વતંત્રતા સંગ્રામના ત્રણ વીર ક્રાંતિકારીઓ - શહીદ-એ-આઝમ ભગતસિંહ, શિવરામ રાજગુરુ અને સુખદેવ થાપરને કૃતજ્ઞ રાષ્ટ્રની શ્રદ્ધાંજલિ

6) ખેલો ઈન્ડિયા પેરા ગેમ્સમાં ભારતીય ખેલાડીઓનું શાનદાર પ્રદર્શન.

.....................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# REV-SC-IN-HOUSE-INQUIRY-REPORT

સર્વોચ્ચ અદાલતે, દિલ્હી હાઈકોર્ટના ન્યાયાધીશ યશવંત વર્માના નિવાસ સ્થાનેથી મોટી રોકડ રકમ મળી આવવાના આરોપ અંગેનો આંતરિક તપાસ અહેવાલ પોતાની વેબસાઇટ પર રજૂ કર્યો.

દિલ્હી હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ ડી.કે. ઉપાધ્યાય દ્વારા રજૂ કરાયેલા 25 પાનાના તપાસ અહેવાલમાં 14 માર્ચ, હોળીની રાત્રે જસ્ટિસ વર્માના નિવાસ સ્થાનેથી કરવામાં આવેલી આગ બુઝાવવાની કામગીરીના વીડિયો અને ફોટોગ્રાફ્સ પણ છે, જે દરમિયાન રોકડ રકમ મળી આવી હતી. રિપોર્ટમાં ભલામણ મુજબ, દેશના મુખ્ય ન્યાયાધીશ સંજીવ ખન્નાએ જસ્ટિસ વર્મા સામેના આરોપોની તપાસ માટે ત્રણ સભ્યોની આંતરિક તપાસ સમિતિની રચના કરી છે. ન્યાયાધીશ ખન્નાએ દિલ્હી હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશને જસ્ટિસ વર્માને કોઈપણ ન્યાયિક કાર્ય ન સોંપવાનો પણ નિર્દેશ આપ્યો છે.

તેમના જવાબમાં, ન્યાયાધીશ વર્માએ જણાવ્યું કે, તેમના અથવા તેમના પરિવારના કોઈપણ સભ્ય દ્વારા સ્ટોરરૂમમાં ક્યારેય કોઈ રોકડ રકમ મૂકવામાં આવી નથી. તેમણે કહ્યું કે, તેમના નિવાસસ્થાનેથી રોકડ રકમ મળી આવવાના આરોપો સ્પષ્ટ પણે તેમને ફસાવવા અને બદનામ કરવાનું કાવતરું હોવાનું જણાય છે.

# SITHARAMAN-CHENNAI-CITIZEN-FORUM

નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું કે, નાણા પંચે આગામી 25 વર્ષમાં વિકસિત ભારતના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે યોજનાઓ તૈયાર કરી છે.

ચેન્નાઈમાં ચેન્નાઈ સિટીઝન્સ ફોરમને સંબોધતા તેમણે કહ્યું, કુદરતી આફતોના પાસાઓ પર પણ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. શ્રીમતી સીતારમણે કહ્યું કે, અમેરિકાની ટેરિફ નીતિ જેવા બાહ્ય પડકારો પણ છે. તેમણે યુક્રેન યુદ્ધ, ચીનના વેપારમાં આંતરરાષ્ટ્રીય ઉતાર-ચઢાવ સહિત અનેક મુદ્દાઓનો ઉલ્લેખ કર્યો.

નાણાં મંત્રીએ જણાવ્યું કે, 112 મહત્વાકાંક્ષી જિલ્લાઓનો વિકાસ કરવાને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. તેમણે કહ્યું કે, પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદી ઈચ્છે છે કે, 109 પછાત જિલ્લાઓમાં કૃષિ ઉત્પાદન વધે. શ્રીમતી સીતારમણે કહ્યું કે, કૃત્રિમ બુદ્ધિ અને નવીનતાને પણ મહત્વ આપવામાં આવ્યું છે.

# ONION-EXPORT

કેન્દ્ર સરકારે પહેલી એપ્રિલથી ડુંગળીની નિકાસ પરની 20 ટકા ડ્યુટી પાછી ખેંચી લીધી છે. ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, આનાથી ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળશે અને ગ્રાહકોને ડુંગળીની પોષણક્ષમતા જળવાઈ રહેશે. તેમણે ઉમેર્યું કે, રવિ પાકના સારા જથ્થામાં આગમનને કારણે મંડી અને છૂટક ભાવ બંનેમાં ઘટાડો થયો છે. અંદાજ મુજબ, ડુંગળી સહિત રવિ ઋતુ દરમિયાન પાકનું વધુ ઉત્પાદન આગામી મહિનાઓમાં બજાર ભાવમાં વધુ ઘટાડો કરશે તેવી અપેક્ષા છે.

સ્થાનિક ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે ગયા વર્ષે 13 સપ્ટેમ્બરથી 20 ટકા નિકાસ ડ્યુટી લાગુ કરવામાં આવી હતી.

# INDIA- BOTSWANA

ભારતે, પુરથી અસરગ્રસ્ત બોત્સ્વાનાને માનવતાવાદી સહાય મોકલી છે. વિદેશ મંત્રાલયે એક સોશિયલ મીડિયા સંદેશમાં જણાવ્યું કે, આવશ્યક દવાઓ, સર્જિકલ પુરવઠો, મચ્છરદાની અને પાણી શુદ્ધિકરણ સહિત લગભગ 10 ટન સહાયનો પ્રથમ હપ્તો બોત્સ્વાના માટે મોકલવામાં આવ્યો છે.

આ દરમિયાન, દેશની આરોગ્યસંભાળ વ્યવસ્થાને મજબૂત બનાવવામાં મદદ કરવા માટે માનવતાવાદી સહાય પણ કિરીબાતી મોકલવામાં આવી છે. 6-બેડવાળા કન્ટેનર-આધારિત ડાયાલિસિસ યુનિટનો એક માલ ગઈકાલે મુન્દ્રા બંદરથી કિરીબાતીના તારાવા માટે રવાના થયો.

# PUNJAB-MARTYRS-DAY

રાષ્ટ્ર આજે ભારતીય સ્વતંત્રતા સંગ્રામના ત્રણ વીર ક્રાંતિકારીઓ - શહીદ-એ-આઝમ ભગતસિંહ, શિવરામ રાજગુરુ અને સુખદેવ થાપર - ને શ્રદ્ધાંજલિ અર્પે છે., જેમને 1931માં આજના દિવસે લાહોરની સેન્ટ્રલ જેલમાં ફાંસી આપવામાં આવી હતી.

આ બહાદુર સ્વતંત્રતા સેનાનીઓ પર 17 ડિસેમ્બર, 1928ના રોજ લાહોરમાં બ્રિટિશ પોલીસ અધિકારી જે.પી. સોન્ડર્સની હત્યા કરવા બદલ કેસ ચલાવવામાં આવ્યો હતો અને તેમને મૃત્યુદંડની સજા ફટકારવામાં આવી હતી.

એક અહેવાલ:

(BYTE-RAJESH-BALI-BHAGAT-SINGH)

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

**ગોન્ગ મ્યુઝીક**

. . . . . . . . . . . . . . .

## KHELO-INDIA-PARA-GAMES.

**ખેલો ઈન્ડિયા પેરા ગેમ્સ 2025 ના ત્રીજા દિવસે, ગઇકાલે નવી દિલ્હીના જવાહરલાલ નહેરુ સ્ટેડિયમ ખાતે રોમાંચક મેચો જોવા મળી.**

**પેરાલિમ્પિક બેડમિન્ટન ખેલાડીઓએ શાનદાર પ્રદર્શન કર્યું, જેમાં નિતેશ કુમાર, કૃષ્ણા નાગર, મનીષા રામદાસ અને સંજીવ કુમારે પોતપોતાની શ્રેણીમાં સુવર્ણ ચંદ્રક જીત્યા. કેરળની 21 વર્ષીય આલ્ફિયા જેમ્સ અને ઉત્તરાખંડની મંદીપ કૌરે પણ સુવર્ણ ચંદ્રક જીત્યા.**

**એથ્લેટિક્સમાં, દીપ્તિ જીવનજીએ મહિલાઓની 400 મીટર ટી20 શ્રેણીમાં ટોચનું સ્થાન મેળવ્યું, જ્યારે મોનુ ઘંઘાસે પુરુષોની શોટ પુટ F11 શ્રેણીમાં સુવર્ણ ચંદ્રક જીત્યો.**

**મહિલા પેરા તીરંદાજીમાં, પેરાલિમ્પિક મેડલ વિજેતા શીતલ દેવીએ શાનદાર પ્રદર્શન કરીને ફાઇનલમાં પ્રવેશ કર્યો. નિશાનેબાજ પાયલ નાગે પણ શાનદાર પ્રદર્શન કર્યું.**

આકાશવાણી સાથે વાત કરતા, શીતલ દેવીએ ખેલો ઇન્ડિયા પેરાગેમ્સને ટોચના ખેલાડીઓ સામે સ્પર્ધા કરવા અને અનુભવ મેળવવાની એક મૂલ્યવાન તક ગણાવી.

(BYTE-SHEETAL-DEVI-KHELO-INDIA)

# IPL

કોલકાતામાં ઇન્ડિયન પ્રીમિયર લીગ ક્રિકેટની મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે કોલકાતા નાઈટ રાઇડર્સને 7 વિકેટથી હરાવ્યું.

બેંગલુરુના કેપ્ટન રજત પાટીદારે ટોસ જીતીને બોલિંગ કરવાનો નિર્ણય લીધો. પ્રથમ બેટિંગ કરતા અજિંક્ય રહાણેની ટીમ નાઈટ રાઈડર્સે નિર્ધારિત 20 ઓવરમાં આઠ વિકેટે 174 રન બનાવ્યા હતા. બેંગલુરુના સ્ટાર બોલર કૃણાલ પંડ્યાએ 3 વિકેટ લીધી. જવાબમાં, બેંગલુરુએ વિરાટ કોહલી અને ફિલિપ સોલ્ટ વચ્ચે 95 રનની ભાગીદારીને કારણે 17મી ઓવરમાં માત્ર ત્રણ વિકેટ ગુમાવીને વિજયી લક્ષ્ય હાંસલ કરી લીધું. પોતાની 400મી ટી20 મેચ રમી રહેલા વિરાટ કોહલી 59 રન બનાવીને અણનમ રહ્યા. કૃણાલ પંડ્યા પ્લેયર ઓફ ધ મેચ જાહેર થયા.

આજે હૈદરાબાદમાં સનરાઇઝર્સ હૈદરાબાદનો મુકાબલો રાજસ્થાન રોયલ્સ સામે થશે. આ મેચ બપોરે 3:30 વાગ્યાથી રમાશે. ચેન્નાઈમાં બીજી મેચ મુંબઈ ઈન્ડિયન્સ અને ચેન્નાઈ સુપર કિંગ્સ વચ્ચે રમાશે. મેચ સાંજે 7.30 વાગ્યે શરૂ થશે.

# MSME

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે જણાવ્યું કે, અત્યાર સુધીમાં 14 મુખ્ય ક્ષેત્રો માટે ઉત્પાદન સાથે જોડાયેલ પ્રોત્સાહન યોજનાઓ હેઠળ 764 અરજીઓને મંજૂરી આપવામાં આવી છે. PLI લાભાર્થીઓમાં વિવિધ ક્ષેત્રોના 176 MSMEનો સમાવેશ થાય છે.

ગયા વર્ષે નવેમ્બર સુધીમાં લગભગ રૂ. 1.61 લાખ કરોડનું વાસ્તવિક રોકાણ નોંધાયું છે.

# NEW-ZEALAND-PM-INDIA

ભારતની મુલાકાત બાદ ન્યુઝીલેન્ડના પ્રધાનમંત્રી ક્રિસ્ટોફર લક્સને બંને દેશો વચ્ચે ભાગીદારીને મજબૂત બનાવવાની નેમ વ્યક્ત કરી.

પ્રધાનમંત્રી લક્સને X પર તેમના પ્રવાસના અનુભવો શેર કર્યા, જેમાં 16-20 માર્ચ દરમિયાન ભારતમાં મુલાકાત દરમિયાન સંરક્ષણ, વેપાર અને અન્ય ક્ષેત્રોમાં મળેલી સફળતા પર પ્રકાશ પાડ્યો. પ્રધાનમંત્રી તરીકે આ તેમની પહેલી ભારત મુલાકાત હતી, જેમાં દ્વિપક્ષીય સંબંધોને વધુ ગાઢ બનાવવા પર ભાર મૂકવામાં આવ્યો હતો.

ભારતને એક મહત્વપૂર્ણ ભાગીદાર માનતા, પ્રધાનમંત્રી લક્સન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને મળ્યા અને બંને દેશો વચ્ચેના સંબંધોને મજબૂત બનાવવા પર ચર્ચા કરી. તેમણે કહ્યું કે, નવા સંરક્ષણ સહયોગ કરાર દ્વારા પ્રાદેશિક સુરક્ષા પ્રત્યે ન્યુઝીલેન્ડની પ્રતિબદ્ધતા વધુ મજબૂત બની છે. આ મુલાકાતમાં પ્રધાનમંત્રી લક્સન સાથે ન્યુઝીલેન્ડનું એક મોટું પ્રતિનિધિમંડળ પણ હતું.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે જયેશ વેગડા

- આજના મોટાભાગના અખબારોએ સંસદીય સીમાંકનને 25 વર્ષ સુધી રોકવા, દિલ્હી હાઈકોર્ટના જજનો મામલો, સુશાંતસિંહ રાજપૂતના મોત તપાસ રિપોર્ટ અને **IPL** ના સમાચારને પ્રથમ પાને સ્થાન આપ્યું છે.

- સંદેશે સંસદીય સીમાંકનને 25 વર્ષ રોકો – સ્ટાલિન પેનલ શીર્ષક હેઠળ પ્રથમ પાને સ્થાન આપ્યું છે, તો સુશાંતસિંહ રાજપૂતના મોતના કેસમાં સીબીઆઇએ ક્લોઝર રિપોર્ટ દાખલ કર્યો તે સમાચાર પણ પ્રથમ પાને છે

- ગુજરાત સમચારે જજ વર્માને જ્યુડિશિયલ કામ નહીં સોંપવા દિલ્હી હાઇકોર્ટને સીજેઆઈનો આદેશ એમ મુખ્ય શીર્ષક બનાવ્યું છે
- મહેસાણાના પિતા પુત્રીની વર્જિનિયામાં અશ્વેતે પરોઢિયે ગોળી માંરી હત્યા કરી તે સમાચાર છેલ્લે પાને પ્રકાશિત કર્યા છે

- દિવ્યભાસ્કરે અમેરિકામાં ગુજરાતી પિતાપુત્રીની ગોળી માંરી હત્યા એવા શીર્ષક હેઠળ પ્રથમ પાને સ્થાન આપ્યું છે – ગોંડલમાં રાજકુમાર કથિક હત્યા કેસના સમાચારને પણ પ્રથમ પાને સ્થાન આપ્યું છે

- ફૂલછાબે 5 દક્ષિણી રાજ્ય સીમાંકન વિરુદ્ધ – 25 વર્ષ રોકની માંગ આ મથાળા હેઠળ પ્રથમ પાને સ્થાન આપ્યું છે